# RCS/562/2022

## <u>આંક-૫ તળે હુકમ</u>

1. મોજે ગામ બુધેલ, તા. જી ભાવનગર ના ખાતા નં ૧૪૦, રે સર્વે નં ૧૩૦/૧ પૈકી ૧ ની વાદીની જમીનમા પ્રતિવાદી નં ૧ નાઓ તેમની ખેતીની જમીન માટે વીજ કનેકશન મેળવવા વાદીની જમીનમાં અથવા જમીના શેઢેથી વીજ લાઇન પસાર કરવા વીજ પોલ ઉભા કરાવવા માંગતા હોવાની તકરાર તે આ દાવાની વિષય વસ્તુ છે.

2. વાદીના દાવાની મુખ્ય હકિકત એવી છે કે ઉપરોક્ત દર્શાવેલ ખેતીની જમીન વાદીની વડીલોપાર્જીત માલિકીની આવેલ છે અને પ્રતિવાદી નં ૧ આ જમીનમા અથવા શેઢા પર વાદીઓની કોઇ પણ પ્રકારની સમંતિ કે મંજુરી લીધા વિના એક તરફી સર્વે કરીને પોલ નખાવવા માંગતા હોય વાદીઓએ પ્રતિવાદી નં ૨ (PGVCL) સમક્ષ વાંધા અરજી રજુ કરેલી તેમજ ઇમેલ દ્વારા પ્રતિવાદી નં ૩ (કલેકટરશ્રી અને જીલ્લા મેજીસ્ટ્રેટ) ને જણાવતા, પ્રતિવાદી નં ૨ નાએ પ્રતિવાદી નં ૩ સમક્ષ વાદીની જમીનમાં / શેઢા ઉપર થઇ વીજ પોલ નાખવા અંગેની દરખાસ્ત કરેલી જેમા પ્રતિવાદી નં ૩ નાએ તા ૦૪-૦૩-૨૦૨૨ ના રોજ હાલના વાદીઓ વિરુદ્ધ હુકમ કરતા તે હુકમથી નારાજ થઇ હાલનો આ દાવો કરેલો છે અને દાદ માંગેલી છે કે પ્રતિવાદી નં ૩ – જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનો તા ૦૪-૦૩-૨૦૨૨ ના રોજ કરેલો હુકમ ગેરકાયદેસર અને સત્તા હકુમત વગરનો તથા અમલને પાત્ર નથી તેવુ જ્ઞાપન તેમજ વાદીઓની જમીનમા પ્રતિવાદી નં

૧ તથા ૨ નાઓ અડચણ, અટકાયત, નુકશાન, તોડફોડ કરવા કે વિજ પોલને સ્થાપન કરવા ખાડા કરવા અન્ય મશીનરી લાવવા શેડા પરના વૃક્ષોને દુર કરવા, પ્રતિવાદી નં ૧ – ૨ નાઓને કોઇ હક્ક અધિકાર નથી અને આવુ કૃત્ય બિન-અધિકૃત અને ગેરકાયદેસર છે તેવુ જ્ઞાપન આપવા તેમજ પ્રતિવાદી નં ૧ – ૨ નાઓને જાતે કે તેમના નોકર, ચાકર, એજન્ટ કે અન્ય મારફત ખેતીની જમીનમા કે શેડા ઉપર અડચન, અટકાયત કરવા હક્ક અધિકાર નથી અને ગેરકાયદેસરના હુકમનો અમલ કરે કરાવે નહિં તેવો કાયમી મનાઇ હુકમ પ્રતિવાદીઓ વિરુદ્ધ ફરમાવવા અરજ કરેલી છે.

3. વચગાળાની દાદ તરીકે આ કામના પ્રતિવાદીઓ દાવાના આખરી નિકાલ સુધી પ્રતિવાદી નં ૩ ના હુકમનો અમલ કરે કરાવે નહી, ખેતીની જમીનમા / શેઢા ઉપર વર્ષો જુના લીંબડાના ઝાડ કાપીને નાશ કરે કરાવે નહીં તેમજ ખેતીની જમીનમા આવવા જવા સંબંધે અવરોધ, અડચણ, અંતરાય કે રુકાવટ ઉતપન્ન કરે કરાવે નહીં તેવો કામ ચલાઉ મનાઇ હુકમ આપવા અરજ ગુજારેલ છે.

4. દાવા અને મનાઇ નો યોગ્ય રીતે બજી જતા, પ્રતિવાદી નં ૨ નાએ આંક-૧૪ થી લેખીત જવાબ રજુ કરેલો છે. જેમા મુખ્યત્વે કરીને દાવા અરજીની હકિકતોનો ઇન્કાર કરેલો છે. જવાબમા વધુમા જણાવેલુ છે કે, પ્રતિવાદી નં ૨ કે જે વીજ વિતરણ કરતી કંપની છે અને ગુજરાત ઇલેક્ટ્રીક ઇન્સ્ટ્રીઝ (રીઓરગેનાઇશેશ્ન અને રેગ્યુલેશન) એક્ટ, ૨૦૦૩ હેઠળ રચાયેલ PGVCL છે. પ્રતિવાદી નં ૧ નાએ તેમની

ખેતીની જમીનમા ખેતીવાડીના હેતુ નુ વીજ જોડાણ મેળવવા અરજી કરેલ તેમજ નોંધણી ચાર્જ ભરપાઇ કરેલ તેમજ વીજ જોડાણ આપવાના અંદાજીત ખર્ચની રકમ ભરેલ હોય, પ્રતિવાદી નં ૨ તરફથી નીયમ મુજબ વીજ જોડાણ આપવાની કામગીરી કરવામા આવેલી છે. વાદીની દાવા અરજી અને મનાઇ અરજીમા માંગેલ બન્ને દાદ એકજ મનાઇ હુકમનો પુનરાવર્તન હોય, તે દાદ મેળવવા વાદી હક્કદાર નથી. પ્રતિવાદી નં ૨ ની સામે CPC ની જોગવાઇઓ મુજબ અને કાયદાના પરવ્યુ બહારનો દાવો હોય ચાલવા પાત્ર નથી. આથી, મનાઇ અરજી તેમજ દાવા અરજી ખર્ચ સાથે રદ કરવા અરજ છે.

5. પ્રતિવાદી નં ૧ ને દાવાનો પ્રોસેસ યોગ્ય રીતે બજી જતા તેઓએ આંક-૧૬ થી જવાબ વાંધા રજુ કરેલા છે. તેમના વાદીની દાવાની હકિકતોનો ઇન્કાર કરેલો છે અને જણાવેલુ છે કે પ્રતિવાદી નં ૩ કલેકટરશ્રીએ તા ૦૪-૦૩-૨૦૨૨ ના રોજ નિર્ણય આપેલો હોય પ્રતિવાદી નં ૨ નો કૃત્ય ગેર કાયદેસરનો નથી. કલેકટરશ્રીના નિર્ણય સામે નિર્ણય કરવાની અદાલતને હકુમત નથી. વાદીનો દાવાની દાદ અને વચગાલાની દાદ એકજ સરખી હોય, મનાઇ હુકમ આપવો જોઇએ નહીં. પ્રતિવાદી નં ૨ સામે દાદ મેળવવા ની અરજી અને દાવો CPC ની જોગવાઇઓ અને કાયદાના પરવ્યુ બહારનો હોય, ચાલવાને પાત્ર નથી. આથી, દાવા અરજી અને મનાઇ અરજી ખર્ચ સહિકત રદ કરવી જોઇએ.

6. પ્રતિવાદી નં ૩ (કલેકટરશ્રી અને જીલ્લા મેજીસ્ટ્રેટ) ને દાવા અને મનાઇનો પ્રોસેસ યોગ્ય રીતે બજી જતા, આંક-૧૯ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમા મુખ્યત્વે હકિકતો જણાવેલ છે કે વાદીની દાવા અરજી અને મનાઇ અરજીની હકિકતોનો તેઓએ ઇન્કાર કરેલ છે. પ્રતિવાદી નં ૩ નાએ તા ૦૪-૦૩-૨૦૨૨ ના રોજ જે નિર્ણય આપેલ છે તે સામે સિવિલ કોર્ટને આખરી નિર્ણય કરવાની હકુમત નથી. વાદીઓને પ્રતિવાદી નં ૩ દ્વારા નોટીસની બજવણી કરી તમામ પક્ષકારોને રજુઆતની પુરતી તક આપી, તા ૦૪-૦૩-૨૦૨૨ ના રોજ હુકમ પસાર કરેલો છે અને તે હુકમને પડકારતો વાદીએ હાલનો દાવો કરેલો હોય, સિવિલ કોર્ટને હકુમત અને સત્તા ના હોય વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. પ્રતિવાદી નં ૩ નાએ ટેલીગ્રાફ એક્ટની કલમ ૧૬ (૧) તળે મળેલ સત્તાની રૂએ હુકમ કરેલ હોય, તે હુકમ વાજબી અને યોગ્ય હોય વાદીની દાવા અરજી રદ થવાને પાત્ર છે. પ્રતિવાદી નં ૧ ની ખેતીની જમીનમા પુર્વ દીશા તરફથી પ્રતિવાદી નં ૨ ની (PGVCL) ની વીજ લાઇન આવેલ હોવાનુ અને પ્રતિવાદી નં ૧ ને ત્યાંથી વીજ કનેકશ્ન આપવુ સરળ અને નજીક થતુ હોવાની તેઓને માહિતી નથી. કોઇ પણ ખેડુત ખાતેદારને ખેતીની જમીનમા વિજ કનેકશ્ન આપવામા આવે તો તે સારી રીતે ખેતી કરી શકે તેવા ઉમદા આશયથી ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ દ્વારા વિજ કનેકશન આપવાનો હુકમ કરેલ છે તે યોગ્ય અને વાજબી હોય વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

7. વાદી તરફે તેમની મનાઇ અરજીના સમર્થનમા નિ ૪/૧ થી ૪/૧૨ ના

રજુ કરેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. પ્રતિવાદી નં ૨ (PGVCL) દ્ધારા રજુ કરેલા નિ ૧૫/૧ થી ૧૫/૪ ના દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા.

8. વાદી તથા પ્રતિવાદીઓ તરફે વકિલશ્રીઓને સાંભળ્યા. વાદી તરફે રજુ લેખિત દલીલો ધ્યાને લિધી.

9. વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા, વાદી દ્ધારા તેમની જમીનમા / શેઢા ઉપર વિજ થાંભલા ઉભા કરવા સામે પ્રતિવાદી નં ૨ – ૩ સમક્ષ વાંધાઓ ઉઠાવેલા છે અને તે રીતે તેમની જમીનમા / શેઢા ઉપર પ્રતિવાદી નં ૨ – PGVCL ના વીજ થાંભલા ઈન્સ્ટોલેશન સામે વાદીએ પરવાનગી પ્રતિવાદી નં ૧ ને આપેલ નથી તેવુ પ્રથમદર્શનીય જણાઈ આવે છે. વાદી દ્ધારા રજુ ૭/૧૨ અને ૮અ ના ઉતારા જોતા ખાતા નં ૧૪૦ રે સ નં ૧૩૦ / ૧ પૈકી ૧ ની જમીન વાદીની હોવાનુ પ્રથમ દર્શનીય જણાઇ આવે છે. વાદી દ્ધારા રજુ થયેલા ફોટોગ્રાફસ જોતા વાદીની જમીનમા શેઢા ઉપર ઝાડ છે તેમજ ખેતરમા ઉભો પાક છે (દાવો કર્યો ત્યારે). નિ ૪/૫ જોતા વાદીના ખેતરની પુર્વ તરફ પ્રતિવાદીનુ ખેતર આવેલુ છે. દાવા અરજીમા જણાવ્યા મુજબ તેમજ ફોટોગ્રાફસમાં જણાવ્યા મુજબ ટ્રાન્સફોર્મર પ્રતિવાદીની જમીનની પુર્વ તરફ આવ્યાનુ જણાઈ આવે છે. GERC Electricity Supply Code and Related Matters Regulations, Notification No. 11 of 2005 ના રેગ્યુલેશન નં ૪.૧.૪ ને વંચાણે લેતા, તે નીચે મુજબ છે:

4.1.4 The Distribution Licensee shall obtain the necessary way leaves and permissions for laying down the service lines for the supply of power. The applicant shall fully co-operate with the Distribution Licensee in obtaining such necessary way leaves and permissions. However, where the consumer has no frontage abutting a public street and where the service line has necessarily to cross over or go under other property, the consumer shall obtain the necessary way leave and permission at his own expense and continue them as long as supply is to be maintained. Should, however, the way leaves or permissions be withdrawn, the Supply may be cut off forthwith, subject to the provisions of Acts, rules and regulations for the time being in force. Any extra expense incurred in laying the service line and maintaining the same in accordance with the way leaves shall be recovered from the Consumer in accordance with the Regulations for recovery of expenditure incurred for providing electricity supply. The Applicant shall provide necessary undertaking to the Distribution Licensee if required

10. આમ, ડીસ્ટ્રીબ્યુશન લાઇસેન્સીએ પાવર સપ્લાઇ માટે સર્વિસ લાઇન માટે જ્યારે અન્યની પ્રોપટ્રી (જાહેર ન હોય તે) ઉપરથી આવી સર્વિસ લાઇન પસાર કરવાની હોય ત્યારે જરૂરી પરવાનગી ગ્રાહકે પોતાના ખર્ચે મેળવવાની હોય છે. અરજદારે આવા જરૂરી અંડરટેકીંગ ડીસ્ટ્રીબ્યુશન લાઇસેસીને પ્રોવાઇડ કરવાના હોય છે. હાથ ઉપરના કેસમા, પ્રતિવાદી નં ૧ ને તેમના ખેતરમા વિજ પુરવઠો જોઇએ છે અને તે માટે તેઓ વાદીના ખેતરમા PGVCL પાસે ઇલેક્ટ્રીક થાંભલો અને લાઇન પસાર કરાવવા માંગે છે. વાદીને પાસેથી પ્રતિવાદી નં ૧ નાએ ઉપરોક્ત રેગ્યુલેશન મુજબ કોઇ પરવાનગી મેળવેલી નથી. PGVCL જ્યાં થાંભલો ઇન્સટોલ કરવા માંગે છે તે જગ્યા જાહેર જગ્યા નથી. કલેકટરશ્રી દ્વારા આપવામા આવેલ હુકમ Indian Telegraph Act ની કલમ ૧૬ (૧) તળે મળેલ સત્તાના રૂએ કરેલ છે. Telegraph Act, 1885 વંચાણે લેતા તેમા કલમ ૧૦ અને ૧૬ નીચે મુજબ છે:

**Power for telegraph authority to place and maintain telegraph lines and posts.**

The telegraph authority may, from time to time, place and maintain a telegraph line under, over, along or across, and posts in or upon, any immovable property:

Provided that--

(a) the telegraph authority shall not exorcise the powers conferred by this section except for the purposes of a telegraph establish Ector maintained by the [1][Central Government], or to be so established or maintained;

(b) the [1][Central Government] shall not acquire any right other than that of user only in the property under, over, along, across, in or upon which the telegraph authority places any telegraph line or post;

(c) except as hereinafter provided, the telegraph authority shall not exercise those powers in respect of any property vested in or under the control or management of any local authority, without the permission of that authority; and

(d) in the exercise of the powers conferred by this section, the telegraph authority shall do as little damage as possible, and, when it has exercised those powers in respect of any property other than that referred to in clause *(c)*, shall pay full compensation to all persons interested for any damage sustained by them by reason of the exercise of those powers

**Exercise of powers conferred by section 10, and disputes as to compensation, in case of property other than that of a local authority.**

(1) If the exercise of the powers mentioned in section 10 in respect of property referred to in clause *(d)* of that section is resisted or obstructed, the District Magistrate may, in his discretion, order that the telegraph authority shall be permitted to exercise them.
(2) If, after the making of an order under sub-section *(1)*, any person resists the exercise of those powers, or, having control over the property, does not give all facilities for their being exercised, he shall be deemed to have committed an offence under section 188 of the Indian Penal Code (45 of 1860).
(3) If any dispute arises concerning the sufficiency of the compensation to be paid under section 10, clause *(d)*, it shall, on application for that purpose by either of the disputing parties to the District Judge within whose jurisdiction the property is situate, be determined by him.
(4) If any dispute arises as to the persons entitled to receive compensation, or as to the proportions in which the persons interested arc entitled to share in it, the telegraph authority may pay into the Court of the District Judge such amount as he deems sufficient or, where all the disputing parties have in writing admitted the amount tendered to be sufficient or the amount has been

determined under sub-section *(3)*, that amount; and the District Judge, after giving notice to the parties and hearing such of them as desire to be heard, shall determine the persons entitled to receive the compensation or, as the case may be, the proportions in which the persons interested are entitled to share in it.
(5) Every determination of a dispute by a District Judge under sub-section *(3)* or sub-section *(4)* shall be final:
Provided that nothing in this sub-section shall affect the right of any person to recover by suit the whole or any part of any compensation paid by the telegraph authority, from the person who has received the same.

આ કલમોનુ બેર રીડીંગ કરતા સ્પષ્ટ થાય છે કે ટેલીગ્રાફ અને પોસ્ટ માટેના વાયરો જગ્યારે  સ્થાવર મિલકત ઉપર થી પસાર થતા હોય ત્યારે ટેલીગ્રાફ લાઇન અને પોસ્ટના વાયરોના હેતુસર કલોઝ ડી માટે રેસીસ્ટ કે ઓબ્સ્ટ્રકશન કરવામા આવે ત્યારે ડીસ્ટ્રીક મેજીસ્ટ્રેટ ટેલીગ્રાફ ઓથોરીટીને પરવાનગી આપશે. હાથ પરના કેસમા વીજ પ્રવાહના થાંભલા નાંખવાનો અને વીજ પ્રવાહના વાયરો પસાર કરવાનો પ્રશ્ન છે. આથી, કલેકટરશ્રીનો તા ૦૪-૦૩-૨૦૨૨ નો હુકમ પ્રથમ દર્શનીય રીતે ભુલ ભરેલો જણાઇ આવે છે. વળી, તેમના પક્ષે રજુ થયેલ જવાબમાં પેરા ૧૭ માં એવું જણાવેલ છે કે તેમને સ્થળ પર પ્રતિવાદીની જમીન વાદીના પુર્વે આવેલાની અને તેના પુર્વે ટ્રાન્સફોર્મર હોવાની તેમને માહિતી નથી. આમ, હુકમ કરનારે સ્થળ ઉપરની પરિસ્થીતીને ધ્યાને લિધેલ નથી. આ સંજોગોમા આ હુકમની અમલવારી કરીને પ્રતિવાદી નં ૨ નાઓ વાદીની માલિકીની જમીન / શેઢા ઉપર વીજ થાંભલા ઇન્સ્ટોલ કરી નાખે તો વાદીને નાણામાં ભરપાઇ ન થાઇ તેવુ નુકશાન થવાની સંભવાના છે અને વાદીનો કાયદેસરનો પોતાની પ્રોપર્ટી ધારણ કરવાનો હક્ક માર્યો જાય તેમ છે.  આ

સંજોગોમા સગવડ-અગવડની સમતુલા વાદીની તરફેણમા રહેલી છે. વચગાળાની દાદ તે ઇક્વીટેબલ રીલીફ છે અને જો મનાઇ હુકમ આપવામા ન આવે તો વાદીના દાવાનો હેતુ માર્યો જાય તેમ છે. પ્રતિવાદી તરફે રજુ થયેલા ચુકાદા jankakumar Bhagubhai Vs State of Gujarat અને Coal India Ltd vs Vidarbh Industries મા પ્રતિપાદિત થયેલ સિધ્દાંત આ કોર્ટને શીરો માન્ય છે પરંતુ તે કેસની હકિકત અને હાથ ઉપરના કેસની હકિકત ને જોતા રજુ થયેલ ચુકાદા પ્રતિવાદીના મદદ કરતા નથી તેવુ આ કોર્ટનુ નમ્ર મનત્વય છે. હાથ ઉપરના કેસમા વાદીની તરફેણમા મનાઇ હુકમ આપવાથી દાવાનો આખરી નિકાલ થઇ જશે અને વચગાળાની દાદ અને આખરી દાદ એક સરખી છે તેવુ આ કેસની હકિકત જોતા માની શકાય નહિં. જો દાવાના આખરી નિકાલ સુધી મનાઇ હુકમ આપવામા ન આવે અને ચાલુ દાવે પ્રતિવાદી નં ૨ દ્વારા પ્રતિવાદી નં ૩ ના પ્રથમ દર્શીનચ ભુલ ભરેલા હુકમનું પાલન કરીને વિજ થાંભલા ઇન્સ્ટોલ કરી દેવામા આવે તો વાદીની ઇક્વીટેબલ રીલીફ નો હેતુ માર્યો જશે અને દાવો ઇન્ફ્રકચ્યુસ થઇ જશે. આથી ન્યાના વિશાળ હિતમા પણ રૂલ ઓફ લો ને ટકાવી રાખવા વાદીને મનાઇ હુકમ આપવો ન્યાયોચિત અને યોગ્ય જણાઇ છે. આથી, ઉપરોક્ત ચર્ચાના આધારે નીચે મુજબનો હુકમ ફરમાવામા આવે છે:

## હુકમ

1. આથી, વાદી ની મનાઇ અરજી મંજુર કરવામા આવે છે.
2. પ્રતિવાદીઓને આદેશ ફરમાવવામા આવે છે કે પ્રતિવાદી નં ૩ ના તા.૦૪-૦૩-૨૦૨૨ વાદગ્રસ્ત હુકમનુ પ્રતિવાદી નં ૨ નાએ દાવાના

આખરી નિકાલ સુધી પાલન કરવુ/કરાવવુ નહીં.

3. ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજ તા. ૧૨-૦૩-૨૦૨૪ નારોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

Place ભાવનગર **(PRIYADARSHINI PINAKINBHAI MOKASHI)**

Additional Chief Judicial Magistrate

Date 12-03-2024 Code No. GJ00654